## મજૂરાગેટના દીનદયાળ હોલમાં લિફ્ટ ખોટકાતા બે વ્યક્તિ ફસાઇ

સુરતઃ સુરતના મજુરાગેટ વિસ્તારમાં આવેલા પંડિત દીનદયાળ હોલમાં ગુરૂવારે બપોરના સમયે લિફ્ટ ટેકનિકલ ખામીને કારણે અચાનક ખોટકાઇ પડતા ગભરાટનો માહોલ સર્જાયો હતો. આ લિફ્ટમાં 75 વર્ષીય વૃદ્ધ પ્રફુલભાઇ દેસાઇ અને 45 વર્ષીય તન્વીબેન દેસાઇ પ્રથમ માળની આસપાસ ફસાઇ ગયા હતા. લિફ્ટ અટકી ગયા બાદ અંદર ફસાયેલા લોકોએ બહાર નીકળવા માટે કાબેલ તમામ પ્રયત્નો કર્યા હતા, પરંતુ લિફ્ટના દરવાજા ન ખુલતા આખરે આ અંગેની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. બપોરે આશરે 1:40 વાગ્યે ફાયર કંટ્રોલ રૂમને કોલ મળતા જ મજુરાગેટ ફાયર સ્ટેશનની ટીમે ત્યાં પહોંચી બંનેને બહાર કાઢ્યા હતાં.

## ઠગાઇ કેસમાં કિશોર વાઘેલા અને સીમિસ નોચીલ જેલમાં

સુરતઃ રૂપિયા ૬.૯૯ કરોડની ઠગાઇ કેસમાં ભાજપનાં કિશોર વાઘેલા અને સીમિસ નોચીલના એક દિવસનાં રિમાન્ડ પૂરા થતાં આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા. આર્થિક ગુના નિવારણ શાખા તરફથી વધુ રિમાન્ડની માંગણી નહીં કરાતાં કોર્ટે બંને આરોપીને કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. અત્રે નોંધનીય છે કે પશ્ચિમ બંગાળ સરકારમાં સ્કૂલ શુઝ સપ્લાય કરવાનાં નામે ફૂટવેરના વેપારી પ્રવિણભાઇ ધડુક સાથે રૂપિયા ૬.૯૯ કરોડના ઠગાઇ કેસમાં છ આરોપી વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. જેમાં કિશોર વાઘેલા અને સીમિસ નોચીલની ધરપકડ કરી એક દિવસનાં રિમાન્ડ મેળવ્યા હતા. આજે રિમાન્ડ પૂરા થતાં આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં હતા.

## ભેસ્તાનમાં મશીનમાં દુપટ્ટો ફસાઇ જતાં યુવતીનું મોત

સુરતઃ ભેસ્તાનમાં કામ કરતી વખતે ફોઇલ મશીનમાં દુપટ્ટો ફસાઇ જતા યુવતીનું મોત નિપજ્યું હતું. મૂળ બિહારના વતની મન્ટુ યાદવ હાલ શિવમ રો હાઉસમાં રહે છે અને સંચાખાતામાં નોકરી કરે છે. તેમની પુત્રી પુજાકુમારી પ્રમુખપાર્ક ગણેશ શેરીમાં આવેલ જયમાતાજી ક્રિએશન નામના સાડીના ખાતામાં નોકરી કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતી હતી. ગુરૂવારે સવારે 11 વાગ્યે કામ કરતી વખતે સાડીના ફોઇલ મશીનમાં તેનો દુપટ્ટો ફસાઇ ગયો હતો. જેથી પુજાકુમારીને ગળાના ભાગે ફાંસો લાગી ગયો હતો. જેના કારણે તેનું મોત નિપજ્યું હતું.

## યાર્ન તથા ફેબ્રિક્સના વેપારીને ચેક રિટર્નના નવ કેસમાં સજા

સુરતઃ યાર્ન તથા ફેબ્રિક્સના વેપારી હિમાંશુ ચંદુલાલ શાહને ચેક રિટર્નની નવ ફરિયાદમાં દરેક કેસમાં કોર્ટે એક-એક વર્ષની સજા ફટકારી હતી. આ કેસમાં ચેકની કુલ રકમ રૂ.૭૦,૦૩,૪૩૩ ફરિયાદીને ચૂકવવા આરોપીને હુકમ કર્યો હતો. રીઘન ફેશન્સ પ્રા.લી.નાં ડિરેક્ટર દિનેશ જયરામદાસ ધનકાણી પાસેથી આરોપી હિમાંશુ ચંદુલાલ શાહએ યાર્ન તથા ફેબ્રિક્સનો માલ ખરીદ્યો હતો. જે માલની ચૂકવણી પેટે આરોપીએ રૂ.૭૦,૦૩,૪૩૩નાં ૧૩ ચેક આપ્યાં હતા. જે ચેકો રિટર્ન થતાં ફરિયાદીએ સુરતની કોર્ટમાં ૯ જુદી જુદી ફરીયાદ કરી હતી. આ તમામ કેસમાં ફરિયાદી તરફે વકીલ કેતન રેશમવાલા તથા જીમી કાંટલીવાલા ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આ અલગ અલગ કેસમાં આરોપી હિમાંશુ શાહને એક-એક વર્ષની સજા ફટકારી હતી.

## ઇસ્કોન મંદિરમાં રાધાકૃષ્ણને નૌકાવિહાર કરાવાયો



ભગવાન શ્રીકૃષ્ણએ તેમના જીવન દરમિયાન અનેક લીલાઓ કરી હતી. ભક્તો તેમની લીલાને અનુરૂપ વર્ષ દરમિયાન અલગ અલગ કાર્યક્રમો યોજતા હોય છે. ત્યારે ગુરુવારે ઇસ્કોન મંદિરના રાધા અને કૃષ્ણને નૌકાવિહાર કરાવવામાં આવ્યો હતો. (તસવીર : સતીષ જાદવ)

## ઘોડદોડ રોડ પર ચાલતા જતા વૃદ્ધનું કાર અડફેટે મોત

સુરતઃ ઘોડદોડ રોડ પર ચાલતા જતા વૃદ્ધને કાર ચાલકે અડફેટે લેતા મોત નિપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના વતની પાંડુરંગ યાદવભાઇ મરાઠે (70 વર્ષ) હાલ ભટાર મહાદેવનગરમાં પરિવાર સાથે રહેતા હતા. તે ઘોડદોડ રોડ પર આવેલી કલામંદિર જવેલર્સમાં લિફ્ટ મેન તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગત 16મી તારીખે રાત્રે પાંડુરંગ નોકરી પૂરી કરીને ઘરે ચાલતા આવતા હતા. દરમિયાન અંધજન સ્કૂલ પાસે કાર ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બુધવારે બપોરે તેમનું મોત નિપજ્યું હતું.

### SBI લૂંટ કેસમાં ચોંકાવનારા ખુલાસા

# કુંદન જેલમાંથી ફોન કરી શુભમને આદેશો આપતો હતો

**કોમ્યુકેશનમાં** ઇન્ટરનેટનો ઉપયોગ કરતા હોવાથી પોલીસને રીતસર પરસેવો પડ્યો

**આતંકી** સંગઠન જેટલી કાળજી રાખે તેટલી કાળજી કુંદન ભગતે આ ગુનામાં રાખી હતી

સુરતઃ બિહારની આદર્શ સેન્ટ્રલ જેલ બેઉર (પટના) માં બેઠાબેઠા ગેંગ ઓપરેટ કરતા ખૂંખાર ગુનેગાર કુંદન ભગતની મોડસ ઓપરેન્ડીએ પોલીસને રીતસર પરસેવે રેબઝેબ કરી દીધી છે. કારણ કે તે કોમ્યુનિકેશન માટે જેલમાં બેઠા બેઠા તેના સાગરિતોને ફોન મારફતે આદેશ કરતો હતો. વરાછાની બેંક રોબરીમાં પકડાયેલા શુભમ અજિત ઠાકુર (ઉ.વ. 24, અખિલેશપુરમ, બીજેપી ઓફિસની બાજુમાં, કાશીરામ કોલોની, રાયબરેલી, મૂળ વતનઃ બિહાર)ને પણ તે ફોન કરીને જરૂરી આદેશ આપતો હતો. કુંદન એટલો રીઢો છે કે પોલીસની પ્રત્યેક ગતિવિધિથી વાકેફ છે. ગુનેગાર શું કરે તો પોલીસથી બચી શકાય તેની ખાસ કાળજી રાખવામાં કુંદન ભગત સફળ તો રહ્યો પણ સુરત ક્રાઇમ બ્રાંચની ટીમ બે આરોપીને પકડવામાં સફળ રહી છે.

આધારભૂત સૂત્રોમાંથી સાંપડતી માહિતી મુજબ કુંદન ભગત તેના સાગરિતો સાથે વાત કરવા માટે ફોનનો ઉપયોગ કરતો પણ તે વાત કરવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરતો હતો. એટલે કે વોટ્સએપ કોલ તેમજ અલગ અલગ અનેક એપ્લિકેશન છે તેનો તે ઉપયોગ કરતો હતો. જેથી પોલીસને આ માહિતી મેળવવામાં નાકે દમ આવી જાય.

સુરતની આ લૂંટમાં સંડોવાયેલા તમામે તમામે સુરતમાં જે ફોનનો ઉપયોગ કર્યો હતો તે ફોન બદલી નાંખ્યા હતા. જેના કારણે પોલીસની તપાસ થંભી જવાની પૂરી શક્યતા હતા. આ રીતે કુંદને નાનામાં નાની વાતની પણ પૂરતી કાળજી રાખી હતી.

વર્ષ 2008માં સુરતમાં 29 જીવતા બોમ્બ મળી આવ્યા તે આતંકી ઘટનામાં જે રીતની કાળજી રાખવામાં આવી હતી તેવી જ કાળજી કુંદન ભગતે પણ રાખી હતી. 2008ના બોમ્બ કાંડમાં એક આરોપી પકડાય એટલે હવે બીજો પકડાઇ જ જશે એવી પોલીસની થીયરી ઉંધી પડતી હતી. કારણ કે ઉપરથી એવો આદેશ હોય કે સુરત રેલ-વે સ્ટેશન નજીક લાલ રંગનો શર્ટ પહેરેલો એક યુવાન આવશે એ જે વસ્તુ તમને આપે તે લઈ તેવાની તેનું નામ પણ પૂછવાનું નહીં. આ રીતે આખું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ કિસ્સામાં પણ એવું જ છે.

સુરતમાં સાત જણા બે મહિના રહ્યા આમ છતાં પૂરાં નામ કે સરનામાની કોઇને કોઈની ખબર જ ન હતી. કારણ કે એક બીજાએ કોઇને પૂછવાનું નહીં તેવો આદેશ કુંદન ભગત તરફથી મળી ચૂક્યો હતો. જેથી એક આરોપી પકડાયા પછી બીજો મળી જશે એ પોલીસની થીયરી આ કેસમાં પણ ઉંધી પડી હતી.

હાલ સુરત પોલીસની એક ટીમ ટ્રાન્સફર વોરન્ટ મારફતે જેલમાંથી કુંદન ભગતનો કબજો મેળવવાની કાયદાકીય પ્રક્રિયા કરી રહી છે. આ કામગીરી પૂર્ણ થાય અને કુંદન ભગતનો કબજો મળે પછી સમગ્ર ઘટનાની રજેરજની માહિતી પ્રાપ્ત થશે.

### અલગ અલગ પાંચ રાજ્યોમાં તપાસ જારી

ક્રાઇમ બ્રાંચના ડીસીપી ભાવેશ રોજિયાએ કહ્યું હતું કે આ લૂંટમાં સંડોવાયેલા અન્ય ગુનેગારોને પકડી પાડવા માટે સુરત ક્રાઇમ બ્રાંચની અલગ અલગ ટીમો હાલ પાંચ રાજ્યોમાં તપાસ કરી રહી છે. ટૂંક સમયમાં બાકીના આરોપીઓ સુધી પોલીસ પહોંચી જશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

### શંકા જતા જાગૃત નાગરિકોએ ફોટો પણ પાડ્યા હતા

જહાંગીરપુરામાં આરોપીઓની શંકાસ્પદ હિલચાલ જોઈને અમુક લોકોએ તો તેઓની તસવીરો પણ મોબાઇલમાં કેદ કરી લીધી હતી. લોકોની નજરમાં આવી ગયા હોવાનો અહેસાસ થતાં જ, ગેંગે લૂંટના એક મહિના પહેલા જ સામાન સંકેલી લીધો હતો અને વેડરોડ વિસ્તારમાં આશરો મેળવ્યો હતો.

### પકડાયેલા બંનેના સાત દિવસનાં રિમાન્ડ મંજૂર

વરાછામાં લંબે હનુમાન રોડ પર આવેલી એસબીઆઈમાંથી ગઇ તા. 27મી એપ્રિલે રૂ. 50 લાખની લૂંટ કરવાના ગુનામાં પકડાયેલા બન્ને આરોપીને 9 દિવસનાં રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બન્નેનાં સાત દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા. ક્રાઇમ બ્રાંચની ટીમે અયોધ્યા અને ગોંડાથી બે આરોપીઓ શુભમ અજિત ઠાકુર (ઉ.વ. 24, અખિલેશપુરમ, બીજેપી ઓફિસની બાજુમાં, કાશીરામ કોલોની, રાયબરેલી, મૂળ વતનઃ બિહાર) અને વિકાસસિંહ અરુણકુમારસિંહ રાજપૂત (ઉ.વ. 30, રહેઃ રાયબરેલી, મૂળ રહેઃ બિહાર)ને પકડી પાડ્યા હતા. જે બન્નેને વરાછા પોલીસે 9 દિવસનાં રિમાન્ડની માગણી સાથે આજે ગુરુવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. લૂંટનું કાવતરું ક્યાં ઘડાયું? કોનો કોનો શું રોલ છે? જ્યાં જ્યાં રોકાયા ત્યાંની વિગતો, બિનવારસી હાલતમાં ત્રણ બાઇક મળ્યા તેની આજુબાજુના વિસ્તારની તપાસ કરવા સહિત કુલ 17 મુદ્દા કોર્ટ સમક્ષ વરાછા પોલીસે રજૂ કર્યા હતા. કોર્ટે બન્નેનાં સાત દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## ગુજસીટોકના આરોપી નદીમ શેખનાં જામીન રદ કરી જેલભેગો કરાયો

સુરતઃ ગુજસીટોકના આરોપી નદીમ નિઝામમીયાં શેખનાં જામીન રદ કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો હુકમ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ કર્યો હતો. ખેરગામના નદીમ નિઝામમીયાં શેખના જે કેસમાં આરોપીનાં જામીન મંજૂર થયાં હતાં. આરોપીએ જામીનની શરતનો ભંગ કરતાં સરકાર પક્ષે આરોપીનાં જામીન રદ કરવા કોર્ટમાં અરજી કરાઈ હતી. સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે આરોપીએ જામીનની શરતોનો ભંગ કરી અનેકવાર નવસારી જિલ્લામાં તેમજ દમણ અને સેલવાસમાં પ્રવેશ કર્યો છે. ગુજસીટોક જેવા ગંભીર ગુનામાં શરતોનું પાલન અનિવાર્ય છે. નદીમનાં જામીન રદ કરી કોર્ટ કસ્ટડીમાં લેવા હુકમ કર્યો હતો.

# સગાઈ તોડવા વેપારી યુવકને સોશિયલ મીડિયામાં ધમકીઓ

**યુવતીના** ફોટા વાયરલ કરવાની ચીમકી સાથે રૂ.20 લાખની ખંડણી માંગ્યાનો આક્ષેપ, સાત સામે ગુનો નોંધાયો

સુરતઃ વેસુના એક વેપારી યુવકને સગાઈ તોડી નાખવા દબાણ કરવા માટે સોશિયલ મીડિયા અને મોબાઇલ ફોન મારફતે ધમકીઓ આપવામાં આવતી હતી. આરોપીઓએ યુવતીના ફોટોગ્રાફ વાયરલ કરવાની ધમકી આપી યુવક પાસે રૂ.20 લાખની ખંડણી પણ માંગી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાતા અલથાણ પોલીસે સાત વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વેસુ કેનાલ રોડ પર આવેલા શેલેસ્ટીયલ ડ્રીમ એપાર્ટમેન્ટમાં રહેતા 23 વર્ષીય સાહિલ દિલીપભાઈ મંડોતનો થોડા સમય પહેલાં સગાઈ પ્રસંગ યોજાયો હતો. સગાઈ બાદથી જ કેટલાક લોકો દ્વારા તેને આ સંબંધ તોડી નાખવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. શરૂઆતમાં સોશિયલ મીડિયા મારફતે મેસેજ મોકલી ધમકી અપાતી હતી, ત્યારબાદ મોબાઇલ ફોન અને વોટ્સએપ કોલ દ્વારા પણ હેરાનગતિ શરૂ થઈ હતી. આ સમગ્ર મામલામાં દર્શન પોરવાલ, નમન નરપતરાજ લુકર, નિલાંગ રાઠોડ સહિત કુલ સાત લોકોના નામ સામે આવ્યા છે. દર્શન પોરવાલ આભવા વિસ્તારની રાજહંસ સિમ્ફોનિયા સોસાયટીમાં રહે છે, જ્યારે નમન લુકર મૂળ રાજસ્થાનનો હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ યુવતી સાથેની સગાઈ તોડી નાંખવા માટે વારંવાર દબાણ કર્યું હતું. એટલું જ નહીં, “સગાઈ નહીં તોડો તો યુવતીના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દેશું” તેવી ચીમકી પણ આપવામાં આવી હતી. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીઓએ સાહિલ પાસે રૂ.20 લાખની માંગણી કરી હતી. અલગ અલગ મોબાઇલ નંબર પરથી ફોન કરીને તેમજ વોટ્સએપ મેસેજ દ્વારા પૈસા નહીં આપો તો ગંભીર પરિણામ ભોગવવા પડશે તેવી ધમકીઓ આપવામાં આવતી હતી. ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે પણ અપશબ્દો અને ધાકધમકીભર્યા મેસેજ મોકલાતા યુવક અને તેનો પરિવાર માનસિક તણાવમાં મુકાઈ ગયો હતો. સતતની હેરાનગતિથી કંટાળીને આખરે પરિવારે પોલીસનો સંપર્ક કર્યો હતો.

# વરાછામાં ગેરકાયદે ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત કરાવનારાની ધરપકડ

**સાત** મહિના પહેલાં આ જ ફાર્માસિસ્ટની શિવાય મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ સીલ કરવામાં આવી હતી

સુરતઃ વરાછામાં લંબે હનુમાન રોડ લાભેશ્વર ચાર રસ્તા નજીક મમતા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના નામે ગેરકાયદે ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાતનો ગોરખધંધો કરનારા ફાર્માસિસ્ટ રામગોપાલ શ્રીકિશન ખંડેલવાલની વરાછા પોલીસે ધરપકડ કરી હતી.

લંબે હનુમાન રોડ પર ત્રણ માળના બિલ્ડિંગમાં મમતા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ પર ગેરકાયદે ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત કરાતો હોવાની માહિતીના આધારે જિલ્લા આરોગ્ય અધિકારીએ તેમની ટીમ સાથે આ સ્થળે તપાસ કરી તો ત્યાં ગેરકાયદે ગર્ભ પરીક્ષણ થતું હોવાનું ફલિત થયું હતું. જેથી હોસ્પિટલને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી હતી. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.અનિલ બી.પટેલે ગેરકાયદે ગોરખધંધા કરનારા ફાર્માસિસ્ટ રામગોપાલ શ્રીકિશન ખંડેલવાલ (રહે.,અક્ષરટાઉન, પૂણા-કુંભારિયા રોડ, મૂળ-બાલોતરા, જિ.બાડમેર, રાજસ્થાન) સામે વરાછા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ જ્યારે આરોગ્ય અધિકારીની ટીમે આ હોસ્પિટલમાં તપાસ કરી ત્યારે ત્યાં ત્રણ મહિલા હાજર હતી. જે ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત માટે અહીં આવી હતી, જેમાંથી એક મહારાષ્ટ્રની, એક રાજસ્થાનની અને એક તાપી-વ્યારાની હોવાનું જણાવ્યું હતું. તપાસનીશ અધિકારી પોઈ એમ.જી.કરડાણીએ કહ્યું હતું કે, પોલીસે રામગોપાલની ધરપકડ કરી ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત માટે વપરાતાં સાધનો કબજે કર્યા હતાં. એ સાથે તબીબી નિષ્ણાતોની ટીમ અને એફએસએલની મદદથી તપાસ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, સાત મહિના પૂર્વે એટલે કે તા.6-11-2025ના રોજ આ જ રામગોપાની શિવાય મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ સીલ કરવામાં આવી હતી. એટલે કે, આ રામગોપાલ પહેલા અહીં શિવાય મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના નામે ગોરખધંધો કરતો હતો. તે વખતે આ હોસ્પિટલ સીલ કરી દેવામાં આવી હતી. તા.29-1-2026ના રોજ આ હોસ્પિટલનું સીલ ખોલ્યું ને રામગોપાલે મમતા હોસ્પિટલના નામે પાછો ગોરખધંધો શરૂ કરી દીધો હતો.

## વધુ એક વખત સુરત જિલ્લા વકીલમંડળની ઉનાળા વેકેશનની માંગ

સુરતઃ વધુ એક વખત સુરત જિલ્લા વકીલ મંડળે ઉનાળા વેકેશનની માંગ કરી હતી. વકીલ મંડળે લેખિત રજૂઆત કરી હતી કે જૂન મહિનામાં કાળઝાળ ગરમી પડવાને કારણે વકીલો તથા પક્ષકારો માટે નિયમિત પણે કોર્ટમાં આવવા જવાનું ખૂબ જ કઠીન થઈ જાય છે. હાઈકોર્ટ દ્વારા દર વર્ષે તેના તાબા હેઠળની સિવિલ કોર્ટોમાં ઉનાળુ વેકેશન જાહેર કરે છે, જે ઉનાળુ વેકેશનને ધ્યાને લઈ સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને તેના તાબા હેઠળની ક્રિમિનલ કોર્ટોમાં પણ તા.૨૦/૦૫/૨૦૨૬ થી તા.૦૬/૦૬/૨૦૨૬ સુધી અર્જન્ટ કામો જેવા કે, જામીન અરજી, રિમાન્ડ અરજી, લાંબા સમયના અન્ડર ટ્રાયલ કેસો સિવાયના તમામ કામોથી આ સમયગાળા દરમિયાન વકીલો કે પક્ષકારોની ગેરહાજરીમાં કેસો જે તે સ્ટેજ ઉપર જ રાખવામાં આવે તેવી વિનંતી કરી છે.

### સિંગણપોરના દંપતી સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થયો

# પ્રેમીએ કીધુંઃ ‘હું પત્નીને છોડવાનો નથી, આપણી વચ્ચે થયું તે ભૂલી જા’

**પ્રેમીની** પત્નીએ કહ્યું ‘તારે મરવું હોય તો મરી જા, મને કોઈ જ ફરક પડતો નથી’

સુરતઃ સિંગણપોર ગામના તળાવ ફળિયામાં રહેતા કેયુર સંજયભાઈ મોદીએ મૃતક મહિલાને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. તેણે તેને વિશ્વાસમાં લઈ તેના વિવિધ કોર્ટ કેસો પૂર્ણ કરવાના બહાને સોનાના દાગીના અને મોટી રકમ પડાવી લીધી હતી. એટલું જ નહીં, તેણે ખાતરી આપી હતી કે તે તેની પત્ની અનમોલને છૂટાછેડા આપી દેશે અને તેની પુત્રીને અપનાવી તેની સાથે નવું જીવન શરૂ કરશે. જો કે કેયુરના આ પ્રેમસંબંધની જાણ તેની પત્નીને થતાં મામલો બીચક્યો હતો. અનમોલ મોદીએ તેની સાથે જાહેરમાં મારઝૂડ કરી હતી. ત્યારબાદ બીજા દિવસે હડધૂત કરતા કહ્યું હતું કે, ‘તારે મરવું હોય તો મરી જા, મને કોઈ જ ફરક પડતો નથી.’આ અપમાન મહિલા સહન કરી શકી નહોતી. એક તરફ પત્ની અનમોલ માનસિક ત્રાસ આપતી હતી, તો બીજી તરફ પ્રેમી કેયુરે પણ રંગ બદલ્યો હતો. કેયુરે સ્પષ્ટ કહી દીધું હતું કે, ‘હું અનમોલને છોડવાનો નથી, આપણી વચ્ચે જે થયું તે ભૂલી જા.’ ત્યારબાદ મહિલાએ આપઘાત કર્યો હતો.

# ક્લાઈન્ટ્સ પાસે ઉઘરાવેલી રોકડ બેંકમાં જમા જ નહીં કરાવી

**રેડિયચન્ટ** કેશ મેનેજમેન્ટના પિતા પુત્ર સામે 86 લાખની ઠગાઇનો ગુનો

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત કેશ મેનેજમેન્ટ કંપની સાથે તેના જ બે વિશ્વાસુ કર્મચારીઓએ અંદાજે રૂ. 86 લાખની મસમોટી ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું છે. સુરતના સિલિકોન શોપર્સમાં કાર્યરત રેડીયન્ટ કેશ મેનેજમેન્ટ સર્વિસ લિમિટેડના પિતા-પુત્રની જોડીએ ગુનાહિત કાવતરું રચી કંપનીના નાણાં ઓહિયા કરી જતાં ચકચાર મચી ગઈ છે. આ અંગે ઉધના પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અમદાવાદના નારણપુરામાં રહેતા પૃથ્વીરાજસિંહ વિક્રમસિંહ જાડેજા (ઉ.વ. 66) રેડીયન્ટ કેશ મેનેજમેન્ટમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવે છે. તેમની કંપનીનું મુખ્ય કામ વિવિધ ક્લાયન્ટો, વેપારીઓ અને સંસ્થાઓ પાસેથી રોકડ રકમ એકત્ર કરી તેને સુરક્ષિત રીતે બેંકમાં જમા કરાવવાનું છે. આ કામગીરી માટે સુરતની ઓફિસમાં અંસારી અબ્દુલ વાહીદ નાસીર અને તેના પિતા અંસારી અબ્દુલ નાસીર (રહે. રોયલ પાર્ક રેસિડેન્સી, ઉન ભાટા રોડ) કાર્યરત હતા. છેલ્લા કેટલાક સમયથી કંપનીના હિસાબોમાં વિસંગતતા જણાતી હતી. કંપની દ્વારા કરવામાં આવેલી આંતરિક તપાસ અને ઓડિટ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપી પિતા-પુત્રએ વિવિધ ક્લાયન્ટો પાસેથી ઉઘરાવેલી રૂ. 85,68,022 ની રોકડ રકમ કંપનીના ખાતામાં જમા કરાવવાને બદલે પોતાના અંગત વપરાશ માટે રાખી લીધી હતી.

# ચેમ્બરમાં ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં 6 ઉમેદવારની દાવેદારી

**CA** મિતીષ મોદી અને રવિ રાજ દેસાઇએ ફોર્મ ભરતા પહેલાં જ ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો હતો, મામલો માજી પ્રમુખોની કમિટી સમક્ષ જવાની શક્યતા

સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સમાં ઉપપ્રમુખ પદની ચૂંટણી માટે 6 ઉમેદવારએ ઉમેદવારી નોંધાવી છે. સીએ મિતિષ મોદી, ઉદ્યોગકાર રવિ રાજ દેસાઈ, ભરત વાણાવાલા, મનિષ કાપડિયા, નિતિન ભરૂચા અને બિજલ જરીવાલાએ દાવેદારી નોંધાવી છે. આવતીકાલે 8મી મેના રોજ ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે.

પ્રમુખ પદ માટે અશોક જીરાવાળા અને નીતિન ભરૂચાએ ઉમેદવારી ફોર્મ લીધા હતા. પણ માત્ર અશોક જીરાવાલાએ જ આજે ફોર્મ ભર્યુ હતું. જોકે ચેમ્બરની પરંપરા મુજબ વર્તમાન ઉપપ્રમુખ અને અપકમિંગ પ્રમુખ સામે ઉમેદવારી નોંધાવવાની પરંપરા ન હોવાથી અશોક જીરાવાળા બિનહરીફ પ્રમુખ પદે ચૂંટાશે. જ્યારે ઉપપ્રમુખ પદના ઈચ્છુક ઉમેદવારો હજી કાળ સુધી 8 મે સુધી પોતાના ઉમેદવારી ફોર્મ ભરી શકશે.

ત્યારબાદ 14 મે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ નક્કી કરવામાં આવી છે. જો જરૂરી બનશે તો 24 મે 2026ના રોજ મતદાન યોજાશે.

જોકે ઉમેદવારી નોંધાવતા પેહલા જ સીએ. મિતીષ મોદી અને રવિરાજ દેસાઈએ પોતાનો પ્રચાર શરૂ કરી દીધો હતો. બે સુરતની લડાઈમાં ત્રીજો (સૌરાષ્ટ્રવાસી) ફાવે એ પ્રકારે તક ઝડપી મનીષ કાપડિયાએ પણ પોતાની દાવેદારી નોંધાવી છે. આ સ્થિતિમાં ચૂંટણી ટાળવા પ્રયાસો ચાલી રહ્યા છે. ચેમ્બરના માજી પ્રમુખો સમક્ષ ઈલેક્શનને બદલે સિલેક્શનનો મામલો લાવવા પ્રયાસ થઈ રહ્યા છે. ચેમ્બરનાં રાજકારણમાં દર વર્ષે જોવા મળતી સ્પર્ધા આ વખતે પણ તીવ્ર બનવાની સંભાવના છે.

વિવિધ ગ્રુપો પોતાના ઉમેદવારોને જીતાડવા માટે સક્રિય બન્યા છે અને અંદરખાને બેઠકો તેમજ સમીકરણો ગોઠવાઈ રહ્યા છે. આગામી દિવસોમાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા અને ત્યારબાદના રાજકીય સમીકરણો ચેમ્બર ચૂંટણીને વધુ રસપ્રદ બનાવશે, એવી ચર્ચા ઉદ્યોગજગતમાં ચાલી રહી છે.

# પદગ્રહણ પહેલાં જ ભાજપના નવા ચુંટાયેલા સભ્યો મેદાનમાં

**નેતાઓની** ‘ગુડબુક’ માં રહેવા સોશિયલ મીડિયા પર ફોટાની સ્પર્ધા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના નવા ચૂંટાયેલા ભાજપના સભ્યોને સત્તાવાર રીતે કોર્પોરેટરનું પદ મળવામાં હજુ 10-12 દિવસનો સમય બાકી છે, કારણ કે શહેર વિકાસ વિભાગના નોટિફિકેશન અને વાંધા-સૂચનોની પ્રક્રિયા હજુ પૂર્ણ થઈ નથી. તેમ છતાં, નવા સભ્યો અત્યારથી જ વોર્ડ વિસ્તારોમાં સક્રિય થઈ ફિલ્ડમાં ઉતરી પડ્યા છે.

રિપીટ થયેલા સભ્યો માટે આ સામાન્ય છે, પરંતુ પ્રથમવાર ચૂંટાયેલા સભ્યોમાં મેયર કે વિવિધ કમિટીના અધ્યક્ષ પદ માટે પ્રદેશ અને શહેર નેતાગીરીની નજરમાં આવવાની તીવ્ર હોડ જોવા મળી રહી છે. સંગઠનની સૂચના અને પદ મેળવવાની લાલસાને કારણે સભ્યો વહેલા સક્રિય થયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

બીજી તરફ, આ અતિ-સક્રિયતાને કારણે આંતરિક વિખવાદ અને વહીવટી તંત્રમાં ગૂંચવણ પણ ઊભી થઈ રહી છે. જ્યારે પેનલના એક-બે સભ્યો ઝોનની ટીમ સાથે વિઝિટ પર પહોંચી જાય છે.

પ્રથમવાર ચૂંટાયેલા સભ્યો માટે ઝોનના અધિકારીઓ સાથે સંકલન શરૂઆતમાં મુશ્કેલ હોય છે, છતાં પદ ફાળવણીમાં પોતાનું નામ મોખરે રહે તે હેતુથી તેઓ જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે.

સોશિયલ મીડિયાના માધ્યમથી નેતાઓનું ધ્યાન ખેંચવા અને જનતાની વચ્ચે હોવાનો દેખાવ કરવા માટે નવા સભ્યોમાં ભારે દોડધામ જોવા મળી રહી છે.